# શેરડી સળગાવતા દીપડીનાં ત્રણ બચ્ચાં દાઝયાં, 1નું મોત



**બારડોલીના** અકોટીની ઘટના વનવિભાગ અને ફ્રેન્ડ્સ ઓફ એનિમલ વેલ્ફેર ટ્રસ્ટના પ્રયાસોથી બે બચ્ચાંનું માતા સાથે મિલન

### માતા સાથે સુખદ મિલન

બંને બચ્ચાંને ફરી તે જ ખેતરમાં સુરક્ષિત રીતે મૂકી 4G સીસીટીવી કેમેરા દ્વારા મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. વહેલી સવારે 3:06 વાગ્યે માદા દીપડીએ રેકી કરી હતી અને અંતે 4:15 વાગ્યે આવીને તે પોતાનાં બંને બચ્ચાંને હેમખેમ સુરક્ષિત સ્થળે લઈ ગઈ હતી.

### મજૂરોમાં જાગૃતિનો અભાવ વન્યજીવો માટે જોખમી

આ ઘટના અંગે ફ્રેન્ડ્સ ઓફ એનિમલ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ જતીન રાઠોડ જણાવે છે કે, શેરડી કાપતા મજૂરોમાં જાગૃતિનો અભાવ વન્યજીવો માટે જોખમી છે. મજૂરોના પડાવ પર જઈ મૌખિક સમજણ આપવી અથવા ટૂંકી ડોક્યુમેન્ટ્રી દ્વારા તેમને માહિતગાર કરવા જરૂરી છે. જેથી ભવિષ્યમાં આવા અકસ્માતો અટકે અને માનવ-વન્યજીવ સંઘર્ષમાં ઘટાડો થઈ શકે.

બારડોલીઃ બારડોલીના અકોટી ગામે દીપડીનાં ત્રણ બચ્ચાં આગની ચપેટમાં આવી ગયાં હતાં, જેમાં એકનું મોત થયું હતું.

અકોટી ગામના વેણી કોટર વિસ્તારમાં મહેશભાઈ પટેલના ખેતરમાં શેરડી કાપણી પૂર્વે મજૂરોએ આગ લગાવી હતી. આ દરમિયાન શેરડીની એક બખોલમાં આશ્રય લઈ રહેલા દીપડીનાં ત્રણ માસૂમ બચ્ચાં આગની ઝપેટમાં આવી ગયાં હતાં. ખેતર માલિક મહેશભાઈએ તુરંત જ જાગૃત નાગરિક હિતેશભાઈ ટેલરને જાણ કરી હતી. ત્યારબાદ 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડ અને તેન સામાજિક વનીકરણ રેન્જનાં RFO સુધાબેન ચૌધરીની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. રેસ્ક્યુ ટીમ મેહુલભાઈ, વિજયભાઈ, જતીન રાઠોડ અને કિરણ રાઠોડ દ્વારા ત્રણેય બચ્ચાંનો કબજો મેળવી પશુચિકિત્સક પાસે ખસેડાયાં હતાં.

કમનસીબે ગંભીર રીતે દાઝી ગયેલા એક બચ્ચાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જેનું પેનલ પીએમ બાદ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યાં હતાં.

# તત્કાલ બુકિંગમાં આજથી 16 ટ્રેનમાં OTP ફરજિયાત

**ટિકિટ** બુકિંગમાં દલાલો અને બોગસ બુકિંગ પર લગામ

સુરતઃ ભારતીય રેલવેએ ટ્રેનોમાં તત્કાલ ટિકિટ બુકિંગમાં દલાલો અને બોગસ બુકિંગ પર લગામ કસવા માટે મોટું પગલું ભર્યું છે. હવે તત્કાલ ટિકિટ મેળવવા માટે મોબાઇલ નંબર પર આવતા OTP નું વેરિફિકેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. આ નવી વ્યવસ્થા 18 ડિસેમ્બર થી અમલમાં આવશે.ભરતીએ રેલવે દ્વારા 16 ટ્રેનોમાં આવતી કાલથી OTP વેરિફિકેશન ફરજિયાત અમલમાં મૂકવામાં આવ્યું છે.

IRCTC વેબસાઈટ કે એપ પર તત્કાલ બુકિંગ કરતી વખતે આધાર સાથે લિંક મોબાઇલ નંબર પર OTP આવશે. રેલવે કાઉન્ટર પરથી પણ તત્કાલ ટિકિટ લેવા માટે મોબાઇલ OTP વેરિફિકેશન ફરજિયાત પેમેન્ટ કર્યા પછી પણ OTP નાખ્યા વગર ટિકિટ કન્ફર્મ નહીં થાય.

બુકિંગ સમયે સાચો અને એક્ટિવ મોબાઇલ નંબર આપવો જરૂરી. સામાન્ય મુસાફરો માટે તત્કાલ બુકિંગ શરૂ થયાના પહેલા 30 મિનિટ સુધી કોઈપણ ઓથોરાઈઝ્ડ એજન્ટ ટિકિટ બુક કરી શકશે નહીં.

### આ 16 ટ્રેનમાં OTP વેરિફિકેશન ફરજિયાત

1. 11025 પુણે અમરાવતી એક્સપ્રેસ, 2. 11029 કોયના એક્સપ્રેસ, 3. 11055 ગોદાન એક્સપ્રેસ, 4. 110614 જયનગર એક્સપ્રેસ, 5. 12157 હુતાત્મા એક્સપ્રેસ, 6. 14814 ભોપાલ જોધપુર એક્સપ્રેસ, 7. 15206 ચિત્રકૂટ એક્સપ્રેસ, 8. 12465 રણથંભોર એક્સપ્રેસ, 9. 19005 સુરત ભુસાવલ એક્સપ્રેસ, 10. 19015 સૌરાષ્ટ્ર એક્સપ્રેસ, 11. 19045 તાપ્તી ગંગા એક્સપ્રેસ, 12. 19223 સાબરમતી જમ્મુ તાવી, 13. 19255 સુરત મહુવા એક્સપ્રેસ, 14. 19315 વિરભૂમિ એક્સપ્રેસ, 15. 19316 વીર ભૂમિ એક્સપ્રેસ, 16. 19489 અમદાવાદ ગોરખપુર એક્સપ્રેસ

**પુરાવા નહીં આપો તો નામ કપાશે**

# સુરત જિલ્લામાં 11.17 લાખ મતદારોનું મેપીંગ હજી પણ બાકી

**મતદાર** યાદીમાં નામ જાળવી રાખવા દસ્તાવેજો રજૂ કરવા પડશે

સુરતઃ સુરત જિલ્લામાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશ (SIR) અંતર્ગત ચોંકાવનારી સ્થિતિ સામે આવી છે. કુલ 36.22 લાખ મતદારોનું વેરીફિકેશન પૂર્ણ થયું છે. જોકે વેરીફાઇ થયેલા મતદારોમાંથી પણ 11.17 લાખ મતદારોનું મેપીંગ હજી બાકી છે. એટલે કે આટલા મતદારોએ હજી પોતાના જરૂરી પુરાવા રજૂ કર્યા નથી. તેમને ચુંટણીપંચ દ્વારા આપવામાં આવેલી યાદી મુજબના પુરાવા રજૂ કરવાના રહેશે.

હાલની સ્થિતિએ સુરત જિલ્લામાં 25.05 લાખ મતદારો ફાઈનલ કરાયા છે અને એટલાં જ મતદારો અધિકૃત રીતે માન્ય ગણાય છે. બાકી રહેલા 11.17 લાખ મતદારોનું મેપીંગ પૂર્ણ થયા બાદ તેઓ ફરીથી મતદાર યાદીમાં સામેલ થશે અને કુલ સંખ્યા વધશે.

બીજી તરફ, વેરીફિકેશન પ્રક્રિયા દરમિયાન અત્યાર સુધીમાં 12.50 લાખ મતદારોના નામ ડિલીટ કરવામાં આવ્યા છે. ચૂંટણી તંત્ર દ્વારા સ્પષ્ટ કરાયું છે કે જેમના નામ 2002ની મતદાર યાદીમાં નથી અને જેમનું મેપીંગ બાકી છે, તેવા મતદારોને જન્મતારીખના આધારે ફરજિયાત પુરાવા રજૂ કરવાના રહેશે. આ પુરાવા સંબંધિત બૂથ લેવલ ઓફિસર (BLO) ને આપવાના રહેશે. પ્રશાસન દ્વારા મેપીંગ બાકી હોય તેવા મતદારોને નોટિસ પાઠવીને એક મહિનાનો સમય આપવામાં આવશે. સમયમર્યાદામાં પુરાવા રજૂ ન કરાય તો તેમના નામ પણ મતદાર યાદીમાંથી કપાઇ જવાની શક્યતા છે.

### ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર મતદારોને ત્રણ વર્ગમાં વહેંચવામાં આવ્યા છે

» જન્મ 1-7-1987 પહેલાં થયેલા મતદારો
આ વર્ગના મતદારોને ફક્ત પોતાનો જન્મતારીખ દર્શાવતો કોઈપણ માન્ય પુરાવો રજૂ કરવો રહેશે.
» જન્મ 1-7-1987 થી 2-12-2004 વચ્ચે થયેલા મતદારો
આ મતદારોને પોતાનો તેમજ પિતા અથવા માતાનો પુરાવો રજૂ કરવો પડશે.
» જન્મ 2-12-2004 પછી થયેલા મતદારો
આ વર્ગ માટે નિયમ વધુ કડક છે. તેમને પોતાનો, પિતાનો અને માતાનો–ત્રણેના પુરાવા રજૂ કરવા ફરજિયાત રહેશે.

### મતદારોને પોતાની જવાબદારી સમજવા તંત્રની અપીલ

ચૂંટણી અધિકારીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે સમયસર પુરાવા રજૂ નહીં કરનાર મતદારોના નામ કપાઈ શકે છે. તેથી તમામ સંબંધિત મતદારોને અપીલ કરવામાં આવી છે કે તેઓ નોટિસ મળતાની સાથે જ પોતાના BLOનો સંપર્ક કરી જરૂરી દસ્તાવેજો તાત્કાલિક જમા કરાવે અને પોતાનું મતાધિકાર સુરક્ષિત રાખે.

### ચૂંટણી તંત્ર દ્વારા નીચેના દસ્તાવેજોને માન્ય ગણવામાં આવ્યા છે

» જન્મ દાખલો » પાસપોર્ટ » સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ » OBC / SC / ST પ્રમાણપત્ર » બોર્ડ અથવા યુનિવર્સિટીનું શૈક્ષણિક પ્રમાણપત્ર » સરકારી જમીન અથવા મકાન ફાળવણીનો દસ્તાવેજ » ઉપલબ્ધ હોય તો 2002ની મતદાર યાદીની નકલ

### નવા મતદારોને ૧૯મી ડિસેમ્બરથી નવેસરથી મતદાર નોંધણીની તક

સુરતઃ ડ્રાફ્ટ મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ મતદારયાદીમાં નવેસરથી નામ નોંધાવવાની પ્રક્રિયા શરૂ થશે. SIR અંતર્ગત જેમને ફોર્મ મળ્યું નથી, અથવા ફોર્મ ભર્યા છતાં જેમનું નામ ડ્રાફ્ટ યાદીમાં સમાવિષ્ટ નથી અને કોઈ નોટિસ પણ મળી નથી, તેવા મતદારો ૧૯મી ડિસેમ્બરથી ફોર્મ નંબર-૬ ભરીને નવી નોંધણી માટે અરજી કરી શકશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ તમામ BLOને ફોર્મ નંબર-૬ ઉપલબ્ધ કરાવી દીધા છે. જેમના નામ ડ્રાફ્ટ મતદારયાદીમાં નથી અને નોટિસ પણ મળી નથી, તેમજ ૧૮ વર્ષ પૂર્ણ કરી રહેલા તમામ પાત્ર યુવાનો ૧૯મી ડિસેમ્બરથી મતદારયાદીમાં નામ ઉમેરવા માટે નવેસરથી અરજી કરી

# માતાએ ઠપકો આપતાં છાત્રા અમદાવાદથી સુરત આવી ગઈ

**ટ્રેનમાં** ગુમસુમ બેઠેલી ધો. 9ની વિદ્યાર્થિની પર જીઆરપીની નજર પડતાં પરિવાર સાથે મિલન કરાવ્યું

**હોમવર્ક** કર્યું નહીં હોવાથી શાળાએ નહીં જતાં માતા ખીજવાઇ હતી



સુરત : અમદાવાદ મણીનગરમાં ધોરણ 9ની વિદ્યાર્થિનીને ગણિતનું હોમવર્ક નહીં કરવા બાબતે માતાએ ઠપકો આપ્યો હતો. આ વાતનું માઠું લાગી આવતા તે ટ્રેનમાં બેસી સુરત આવી પહોંચી હતી. જો કે, જીઆરપીને કંઈક શંકાસ્પદ લાગતા તેની પૂછપરછ કરી પરિવારને સોંપી હતી.

અમદાવાદ મણીનગર ખાતે રહેતી અને ધોરણ 9 માં અભ્યાસ કરતી 14 વર્ષની તરુણી ટ્રેનમાં ગુમસુમ એકલી બેઠી હતી ત્યારે જીઆરપીની તેના પર નજર પડી હતી. જેથી જીઆરીપી પોલીસે તેને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરી હતી. તેણે ગણિતનું હોમવર્ક કર્યું ન હતું. સ્કૂલમાં ટીચર ખીજવાશે તેવા ડરથી તે શાળાએ ગઈ ન હતી. આ મુદ્દે માતાએ તરુણીને ઠપકો આપ્યો હતો. જે વાતનું માઠું લાગી આવતા તે પોતે મણીનગર સ્ટેશન જઈ કોઈક ટ્રેનમાં બેસી સુરત આવી પહોંચી હતી. તરુણીની પૂછપરછ પછી જી.આર.પી ઈન્સ્પેક્ટર જે.બી. મીઠાપરાના માર્ગદર્શન બાદ વુમન. એલ.આર શીતલ બેને તરૂણીની માતાનો સંપર્ક કરીને તેનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

# માખીંગાની કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગઃ વાહનો ખાખ

**શ્રી બાલાજી** કેમિકલ ફેક્ટરીમાં બનેલી ઘટના, એક મહિલા ઇજાગ્રસ્ત

**દીવાલ** તોડી ફાયર ફાઇટરો અંદર ઘૂસ્યા



ઈલ્યાસ શેખ

પલસાણાઃ પલસાણા તાલુકાના માખીંગા ગામે બુધવારે સવારે એક કેમિકલ ફેક્ટરીમાં ભયાનક આગ લાગી હતી. શ્રી બાલાજી કેમિકલ કંપનીમાં લાગેલી આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

માખીંગાની શ્રી બાલાજી કેમિકલ ફેક્ટરીમાં બુધવારે સવારે અંદાજે 10:30 વાગ્યે જ્યારે ફેક્ટરીમાં કામકાજ ચાલી રહ્યું હતું, ત્યારે અચાનક આગ ફાટી નીકળી હતી. પ્રાથમિક માહિતી મુજબ કેમિકલ ભરેલું ટેન્કર ખાલી કરવાની પ્રક્રિયા દરમિયાન કોઈ કારણોસર તણખલો ઊડતાં આગ લાગી હોવાનું મનાય છે. જો કે, અન્ય એક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે કેમિકલના ડ્રમમાં આગ લાગી હતી.

આગની તીવ્રતા એટલી વધુ હતી કે ધુમાડાના કાળા ગોટા કિલોમીટરો દૂર સુધી દેખાતા હતા. ઘટનાની જાણ થતા જ બારડોલી, કડોદરા (PEPL), કામરેજ (ERC), સચિન-હોજીવાળા, નવસારી અને સુરત ફાયર વિભાગની ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી. કેમિકલની આગ હોવાથી પાણીની સાથે 'ફોમ'નો મારો ચલાવવામાં આવ્યો હતો. ફાયર ફાઈટરોને અંદર પ્રવેશવા માટે જેસીબીની મદદથી કંપનીની એક દીવાલ પણ તોડવામાં આવી હતી.

આ દુર્ઘટનામાં કંપનીમાં રાખેલું કેમિકલ ઉપરાંત એક કેમિકલ ભરેલું ટેન્કર, એક ટેમ્પો અને એક મોપેડ સંપૂર્ણપણે બળી ગયાં છે. એક મહિલા ઈજાગ્રસ્ત થતાં તેને પલસાણા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવી છે.

આશરે ચાર કલાકની ભારે જહેમત બાદ બપોરે 2:30 વાગ્યે આગ પર કાબૂ મેળવી શકાયો હતો. હાલ સ્થળ પર કુલિંગની પ્રક્રિયા ચાલી રહી છે. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી આગ લાગવાનું સચોટ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# વકફ બોર્ડને કોર્ટ ફીમાંથી છૂટ નહીં

**ગુજરાત** હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપતાં સ્પષ્ટ કર્યું છે કે મુસ્લિમ વકફ બોર્ડ અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓએ હવે અન્ય ધાર્મિક ટ્રસ્ટો અને સખાવતી સંસ્થાઓની જેમ નિયમિત કોર્ટ ફી ચૂકવવી પડશે. આ સાથે જ કોર્ટ ફીમાંથી મુક્તિ માગતી વકફ બોર્ડ તથા સંબંધિત સંસ્થાઓની આશરે 150 જેટલી અરજીઓને ગુજરાત હાઈકોર્ટે એકસાથે ફગાવી દીધી છે. અત્યાર સુધી કેટલીક કાયદાકીય જોગવાઈઓના આધાર પર વકફ સંસ્થાઓ કોર્ટ ફીમાં છૂટછાટ લેતી હતી.

# દીવાલ તૂટવાની ઘટના બાદ તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરાયા

**એસવીએનઆઇટીની** ટીમ બોલાવી સ્થળ પર જ મિટિંગ કરાઇ

સુરતઃ ધડાકાભેર અવાજ સાથે દુર્ઘટના થતાં શિવ રેસિડેન્સીમાં વસવાટ કરતાં સેંકડો પરિવારજનો ભરનિંદ્રામાંથી દોડીને નીચે પહોંચી ગયા હતા. પાર્કિંગની ડી-વોલ ધરાશાયી થતાં ફ્લેટ હોલ્ડરોમાં પણ ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો અને પ્રોજેક્ટનાં ડેવલપર્સ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર સાથે વિરોધ કરતાં એક તબક્કે વાતાવરણ તંગ બન્યું હતું. ભયથી ફફડી રહેલા શીવ રેસિડેન્સીના ફલેટ હોલ્ડરો આખી રાત ઠંડીમાં ઠુંઠવાયા હતા. સવારથી જ એસવીએનઆઈટીના તજજ્ઞો,મનપા સાથે સંકળાયેલ તજજ્ઞ સ્ટ્રક્ચરલ ઈજનેરોને સ્થળ પર બોલાવીને ચકાસણી કરાવી હતી. ડી-વોલથી શિવ રેસિડેન્સી તરફેની માટી પણ ભીની થઈ હોવાથી મનપા તંત્ર દ્વારા સોઈલ ટેસ્ટિંગ એક્ષ્પર્ટને પણ સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા.

### સાઇટ સુપરવાઇઝરનું લાઇસન્સ સસ્પેન્ડ : ડેવલોપરની રજાચિઠ્ઠી સ્થગિત

આ ઘટના બાદ મહાનગર પાલિકાના શહેર વિકાસ વિભાગ તથા અઠવા ઝોનના અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા. ઘટનાની ગંભીરતા જોઈને પાલિકાના મધ્યસ્થ શહેરી વિકાસ વિભાગ દ્વારા બ્રાઈટસ્ટોન પ્રોજેક્ટસ એક ભાગીદારી પેઢીના ભાગીદાર અને ડેવલપર તુષાર પોપટલાલ રીબડિયાને રજા ચિઠ્ઠી સ્થગિત કરવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત સ્ટ્રકચરલ એન્જી. જલીલ એ.શેખ, આર્કીટેક્ટ સુરેશકુમાર બી.મોડીયા, સાઇટ સુપરવાઇઝર તેજસ જે. જસાણીના લાયસન્સ છ મહિના માટે સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે સાથે આવી દુર્ઘટના માટે કાયમી ધોરણે કેમ સસ્પેન્ડ ન કરવા તે માટે કારણ દર્શક નોટિસ આપીને સાત દિવસમાં ખુલાસો રજુ કરવા જણાવ્યું છે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### બેઝમેન્ટ માટે...

ગયેલી માટીના કારમે બેઝમેન્ટ તરફે તૂટી પડ્યા હતા. ભીમરાડ ચોકડી પાસે ટીપી સ્કીમ નં.42 (ભીમરાડ) એફપી નં.60માં નિર્માણાધીન ત્રણ બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરની ઉપર 13માળના રહેણાંક અને કોમર્શિયલ પાંચ ટાવર માટે કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ માટે 21 મે,2025ના રોજ મનપાના શહેર વિકાસ વિભાગ દ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટમાં મંજુર પ્લાન મુજબ ત્રણ બેઝમેન્ટની કામગીરી ચાલુ હોય ખોદકામ કરીને ત્રણ બાજુથી ડાયાફ્રામ ડી-વોલ બનાવાઈ છે. જે પૈકી પ્રોજેક્ટની પૂર્વ તરફે બનાવેલી અંદાજે 40 ફૂટ ઊંચી અને 150 ફૂટ લંબાઈની ડી-વોલ રાત્રે ઘડાકાભેર તૂટી પડી હતી. ઘડાકો એટલો મોટો હતો કે, ભુકંપ જેવો આચકો અનુભવાતા આસપાસના રહેણાંક વિસ્તારો, સોસાયટીઓમાંથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા. દરમિયાન ઘટના સ્થળને લાગુ શિવ રેસિડેન્સી એપાર્ટમેન્ટના રહીશોમાં ભયનો માહોલ ફેલાયો હતો. અહીંના રહેવાસીઓએ તાત્કાલિક પાર્કિંગમાં રહેલ વાહનો જીવના જાખમે ખસેડ્યા હતા. જો કે, બીજી તરફ ઘટના અંગે ફાયર વિભાગને જાણ થતાં ફાયર વિભાગનો કાફલો પણ ઘટના સ્થળે ઘસી ગયો હતો અને તકેદારીનાં ભાગરૂપે શિવ રેસિડેન્સીમાં પાર્કિંગવાળી જગ્યા પર બેરિકેડ મુકીને દોરડાં બાંધી દેવામાં આવ્યા હતા. આ ઘટનામાં કોઈપણ વ્યકિતને સદભાગ્યે ઈજા પણ પહોચી નથી કે કોઈપણ વાહનને નુકસાન થયું હોવાની માહિતી પ્રાપ્ત થઈ નથી.

### ધડાકો સાંભળી...

વારમાં અમને સ્પષ્ટ થયુ કે, બાજુના પ્રોજેક્ટમાં કંઇ થયું છે. અમારે આખી રાત બહાર કાઢવી પડી, બાળકો આજે સ્કુલે નથી આવી શકયા હાલ અમારા સબંધીને ત્યા સીફટ થયા છીયે. આવી બેદરકારી બદલ કાર્યવાહી થવી જોઇએ.

### ભગવાનની મુર્તિ...

પોતાની જીવનભરની મૂડી સમાન ઘરવખરી અને માલ-સામાન લઈને બિલ્ડિંગ ખાલી કરતા નજરે પડ્યા હતા. આ કપરી પરિસ્થિતિ વચ્ચે એક હૃદયસ્પર્શી દ્રશ્યો જોવા મળ્યા હતા એક મહિલા પોતાના હાથમાં 'લાડુ ગોપાલ'ની મૂર્તિ પકડીને ભારે હૈયે જતી જોવા મળી હતી તો અન્ય પરિવારો પોતાનો સામાન લઇને નિકળતા હતા ત્યારે ચીંતા અને આંખમાં આસુ સાથે જતા જોવા મળ્યા હતા.

### મેટ્રોઃ ભૂગર્ભ...

બેસી જતાં એક બાઇક સવાર ખાડામાં પડી ગયો હતો. સદનસીબે કોઈ મોટી જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે નજીકના બે રહેણાંક બિલ્ડિંગ સુરક્ષાના કારણોસ ખાલી કરાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં નાઝનીલ પેલેસ બિલ્ડિંગ (નંબર 12/1299) અને પનાઘર પેલેસ (નંબર 12/1311) ના રહેવાસીઓને તાત્કાલિક બહાર ખસેડવામાં આવ્યા હતા અને જીએમઆરસી દ્વારા તેઓને હોટલમાં શીફ્ટ કરવામાં આવ્યા છે.

ઘટના બનતા જ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક સ્થળ પર બેરીકેડ લગાવી દેવામાં આવ્યા હતા અને ખાડો ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાત્રે 8:30 વાગ્યા સુધીમાં ખાડાનું પુરાણ પૂર્ણ કરી રોડને સુરક્ષિત બનાવવામાં આવશે. હાલ તંત્ર દ્વારા આસપાસના વિસ્તારમાં તકેદારી રાખવામાં આવી રહી છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

### ટનલને નુકશાન...

તપાસમાં આ રોડના નીચેથી ઘણી કેબલો અને પાઈપો પસાર થઈ રહ્યા છે જેના કારણે સોઈલ સ્ટ્રક્ચર વીક પડ્યું હોવાનું જાણવામાં આવ્યું છે. અથવા તો સુરત મહાનગરપાલિકાની પાણી અથવા ડ્રેનેજ લાઈનના કારણે ભૂગર્ભમાં પોલાણ સર્જાયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. સોઇલ સ્ટ્રક્ચર નબળું પડતા માટી એકાએક ધસી પડતા રોડ બેસી ગયો હોવાનું જાણવા મળ્યું છે.

### અનેક ભૂગર્ભ...

સ્ટ્રેથનિંગ કરવામાં આવી રહ્યો છે. રાત્રે 8 વાગ્યા સુધીમાં 50% થી વધુ કોંક્રિટ ભરાઈ ગયું છે. આ ખાડો મુખ્ય રસ્તા પર છે અને હાલમાં નજીકની ઇમારતોમાં કોઈ વસાહત કે મુશ્કેલી જોવા મળી નથી પરંતુ સાવચેતીના પગલા તરીકે આ નજીકની ઇમારતોને કામચલાઉ ધોરણે ખાલી કરાવવામાં આવી છે. આ ઈમારતો પર ચોવીસ કલાક નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે SVNITના નિષ્ણાતોને પણ બોલાવ્યા છે.

### થર્ટીફર્સ્ટને નશો...

આવી રહ્યો છે. પોલીસે અસામાજિક તત્વો પર અંકુશ લાવવા માટે હિસ્ટ્રીશીટરોનું રાઉન્ડિંગ પણ શરૂ કરી દીધું છે. આ દરમિયાન ઝોન-7ના એસીપી સ્તરના અધિકારીઓ ઉપરાંત ડુમસ, હજીરા, ઈચ્છાપોર, મરીન અને પાલ પોલીસ સ્ટેશનના પીઆઈઓ અને સ્ટાફ ફિલ્ડમાં તૈનાત રહેશે. બોડીવોર્ન કેમેરા અને સીસીટીવી દ્વારા સતત સર્વેલન્સ રાખવામાં આવશે. દારૂ પીધા બાદ વાહન ચલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવા બ્રેથ એનાલાઈઝરનો ફરજિયાત ઉપયોગ કરવામાં આવશે.નાકા પોઈન્ટ્સ અને સંવેદનશીલ વિસ્તારોમાં વધારાની મહિલા પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે. પોલીસ કમિશનરે સ્પષ્ટ કહ્યું છે કે ઉજવણી આનંદપૂર્વક કરો, પરંતુ કાયદાનું પાલન કરો.

### ટેસ્ટ ડ્રાઇવ...

ગામના વતની અને હાલ સરથાણા જકાતનાકા એબીસી સર્કલ પાસે આવેલી સનવેલી રેસીડેન્સીમાં રહેતા નિકુંજ વિનુભાઈ સતાણી (ઉ.વ. 32) કાર મેળો સંચાલિત કરે છે. નિકુંજના જણાવ્યા મુજબ, કાર ખરીદવાનો ઈરાદો બતાવી સાહિલ અશોકભાઈ કાનાણી કાર મેળામાં પહોંચ્યો હતો. તેણે પોતે વિશ્વસનીય ખરીદદાર હોવાનું જણાવી 2020 મોડેલ હ્યુન્ડાઈ કંપનીની કાર ટેસ્ટ ડ્રાઈવ માટે માગી હતી. સંચાલકે વિશ્વાસ રાખીને રૂપિયા 12.50 લાખની કિંમતની હ્યુન્ડાઈ કાર તેને સોંપી હતી. સાહિલ કાનાણી કાર ટેસ્ટ ડ્રાઈવ માટે લઈ ગયો, પરંતુ નિર્ધારિત સમય પછી પણ પરત ન ફર્યો. ત્યારબાદ નિકુંજ સતાણીએ ફોન દ્વારા સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. ફરિયાદ મુજબ, સંપર્ક કરતા જ સાહિલ કાનાણીએ ટેલિફોન પર ઉગ્ર ભાષામાં ગાળો આપી હતી અને કાર પરત માંગવાની વાત કરતાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. કાર પરત ન મળતાં અને ધમકી મળતા અંતે નિકુંજ સતાણીએ સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી સાહિલ અશોકભાઈ કાનાણી સરથાણાના વ્રજચોક વિસ્તારમાં રહે છે અને તેનો મૂળ વતન અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં આવેલો છે. પોલીસ દ્વારા કારની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# કાપોદ્રા પોલીસનું પાનના ગલ્લાઓમાં આકસ્મિક ચેકિંગ

સુરત : યુવા પેઢીને નશાની ચુંગાલમાંથી બચાવવા રાજ્ય સરકારે લીધેલા કડક નિર્ણય બાદ સુરત પોલીસ હરકતમાં આવી ગઈ છે. રોલિંગ પેપર અને ગોગો સ્મોકિંગ કોન પર મુકાયેલા રાજ્યવ્યાપી પ્રતિબંધને અસરકારક રીતે અમલમાં મૂકવા કાપોદ્રા પોલીસ દ્વારા વિસ્તારમાં આવેલા પાનના ગલ્લા અને પાર્લરોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. કાપોદ્રા પોલીસ દ્વારા તેમના વિસ્તારના પાનના ગલ્લા, ચાની દુકાનો, પાન-મસાલા પાર્લર તેમજ જનરલ સ્ટોર્સમાં અચાનક તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસ સ્ટાફે દુકાનદારોને સ્પષ્ટ સૂચના આપી છે કે ગોગો પેપર કે અન્ય કોઈપણ પ્રકારના સ્મોકિંગ કોન હવે દુકાનમાં રાખવા નહીં. જે સ્થળે સ્ટોક મળ્યો છે ત્યાં જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંજા અને ડ્રગ્સની બદી સામે રાજ્ય સરકાર કડક પગલા ભરી રહી છે. ગોગો પેપર પર પ્રતિબંધ મુકી દેવાયો છે.

**અનુસંધાન** ... પાના પહેલાનું

### ચાંદીનો ભાવ બે...

ભાવમાં સતત વધારો થયો છે, જે રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયો છે. આ વર્ષે અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧,૧૫,૩૦૦ રૂપિયા અથવા ૧૨૭.૪૦ ટકાનો વધારો થયો છે, જે ૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ૯૦,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો હતો. સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, સ્થાનિક બુલિયન બજારમાં સોનાના ભાવ પણ 600 રૂપિયા વધીને 1,36,500 રૂપિયા પ્રતિ 10 ગ્રામ (બધા કર સહિત) થયા છે, જ્યારે અગાઉનો બંધ ભાવ 10 ગ્રામ દીઠ 1,35,900 રૂપિયા હતો. આંતરરાષ્ટ્રીય બજારોમાં, હાજર સોનાનો ભાવ ૧૮.૫૯ ડોલર અથવા ૦.૪૩ ટકા વધીને ૪,૩૨૧.૦૯ ડોલર પ્રતિ ઔંસ થયો.યુએસ ડોલર ઈન્ડેક્સ બે મહિનાના નીચલા સ્તરે આવી જવાથી આંતરરાષ્ટ્રીય ખરીદદારો માટે ડોલર-મૂળભૂત બુલિયન ટ્રેડિંગ વધુ સસ્તું બન્યું છે.

### ભારતે બાંગ્લાદેશમાં...

આજે બપોરે 2 વાગ્યેથી બંધ રહેશે', એમ વિઝા કેન્દ્રએ એક નિવેદનમાં જણાવ્યું હતું. અગાઉ, ભારતે બુધવારે બાંગ્લાદેશના રાજદૂત રિયાઝ હમીદુલ્લાહને બોલાવ્યા હતા અને ઢાકામાં ભારતીય મિશનની આસપાસ સુરક્ષા પરિસ્થિતિને જોખમમાં મૂકવાની કેટલીક ઉગ્રવાદી તત્વોની યોજનાઓ પર પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયે ભારતમાં બાંગ્લાદેશના ઉચ્ચાયુક્ત એમ રિયાઝ હમીદુલ્લાહને બોલાવ્યા હતા અને બાંગ્લાદેશમાં બગડતા સુરક્ષા વાતાવરણ પર ભારતની ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે રાજદૂતનું ધ્યાન ઢાકામાં ભારતીય મિશનની આસપાસ સુરક્ષા પરિસ્થિતિ ઊભી કરવાની યોજના જાહેર કરનારા કેટલાક ઉગ્રવાદી તત્વોની પ્રવૃત્તિઓ તરફ દોરવામાં આવ્યું હતું. નવી દિલ્હીએ બાંગ્લાદેશમાં બગડતી સુરક્ષા પરિસ્થિતિ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને મુક્ત, ન્યાયી અને વિશ્વસનીય સંસદીય ચૂંટણીઓ યોજવા માટે પોતાના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો હતો. બાંગ્લાદેશમાં 12 ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની છે. આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે હમીદુલ્લાહને વિદેશ મંત્રાલયમાં (એમઈએ) બોલાવવામાં આવ્યા હતા અને તેમને ડિમાર્ચ અથવા ઔપચારિક રાજદ્વારી નોંધ આપવામાં આવી હતી. વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું કે ભારત બાંગ્લાદેશમાં તાજેતરની કેટલીક ઘટનાઓ અંગે ઉગ્રવાદી તત્વો દ્વારા ફેલાવવામાં આવી રહેલી ખોટી વાર્તાને નકારી કાઢે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વધુ વિગતવાર માહિતી આપ્યા વિના વચગાળાની સરકારે ન તો સંપૂર્ણ તપાસ હાથ ધરી છે કે ન તો ભારત સાથે અર્થપૂર્ણ પુરાવા શેર કર્યા છે.

### વીમા ક્ષેત્રે સો ટકા...

સામેલ છે. ખરડા પરની ચર્ચાનો જવાબ આપતા, નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે આ સુધારાઓ વિદેશી કંપનીઓને વીમા ક્ષેત્રમાં વધુ મૂડી લાવવાની મંજૂરી આપશે. એફડીઆઈ મર્યાદા 100 ટકા સુધી વધારવાથી વધુ વિદેશી કંપનીઓને ભારતમાં પ્રવેશવાનો માર્ગ મોકળો થશે, કારણ કે ઘણા કિસ્સાઓમાં તેમને વિવિધ કારણોસર સંયુક્ત સાહસ ભાગીદારો મળતા નથી, એમ તેમણે જણાવ્યું હતું. અમુક સભ્યોની નોકરીના મુદ્દે ચિંતાઓને શાંત કરતા સીતારમણે કહ્યું હતું કે તેનાથી નોકરીની તકોમાં વધારો થશે. સીતારમણે એવી ચિંતાઓને પણ દૂર કરી કે આ સુધારાઓ જાહેર ક્ષેત્રની એલઆઈસીની વૈધાનિક માન્યતાને નબળી પાડશે. 'અમે ખરેખર એલઆઈસીને સશક્ત બનાવી રહ્યા છીએ. એલઆઈસીએ આપણા નાગરિકોનો વિશ્વાસ જાળવી રાખ્યો છે અને અપેક્ષાઓ મુજબ સારું પ્રદર્શન કરે છે', એમ તેમણી કહ્યું.

#### વિપક્ષે ખરડાનો વિરોધ કરી તેને સંસદીય સમિતિને મોકલવાની માગ કરી

રાજ્યસભામાં કેટલાક વિપક્ષી સભ્યોએ વીમા ક્ષેત્રમાં એફડીઆઈ 100 ટકા સુધી વધારવાના બિલનો વિરોધ કર્યો અને માગ કરી કે પ્રસ્તાવિત કાયદાને વધુ ચકાસણી માટે સંસદીય પેનલમાં મોકલવામાં આવે. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીના સાંસદ સંદોશ કુમારે બિલનો વિરોધ કરતા કહ્યું હતું 'મોદી સરકાર વિદેશી શક્તિઓના સખત દબાણ હેઠળ છે એટલે આ નવો ખરડો રજૂ કરાયો છે.' ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના સાકેત ગોખલેએ આરોપ લગાવ્યો કે આ બિલ વિદેશી સંસ્થાઓ દ્વારા નફો મેળવવાના દરવાજા ખોલે છે, અને કહ્યું કે સરકાર દ્વારા વીમા ક્ષેત્રમાં મૂડી રોકાણના દાવાઓની 'વાસ્તવિકતા તપાસ' કરવાની જરૂર છે. કનિમોઝી એનવીએન સોમુએ સરકાર પર બિલની 100 ટકા એફડીઆઈ જોગવાઈ દ્વારા વિદેશી અને ખાનગી વીમા કંપનીઓને સબસિડી આપતી વખતે જાહેર ક્ષેત્રને અવરોધવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો. તેમણે કહ્યું કે વીમા ક્ષેત્રનો નોંધપાત્ર હિસ્સો વિદેશી કંપનીઓ પાસે જશે જે ઉઘાડી લૂંટ સમાન છે. કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલે દેશમાં ડિજિટલ નાણાકીય છેતરપિંડીના કિસ્સાઓને ટાંકીને ભારતીય નાગરિકો દ્વારા વિદેશી વીમા કંપનીઓ સાથે આધાર અને પાન કાર્ડ વિગતો જેવી વ્યક્તિગત માહિતી શેર કરવા અંગે ચિંતા વ્યક્ત કરી. બિલનો વિરોધ કરતા, તેમણે દેશના ઉડ્ડયન ક્ષેત્રના ખાનગીકરણ અને એકાધિકાર અને સરકારી નિયંત્રણ ખાનગી કંપનીઓને સોંપવાના પરિણામોનો દાખલો આપ્યો. તમામ વિરોધ પક્ષોએ આ બિલને વધુ ચકાસણી માટે સ્ટેન્ડીંગ કમિટિમાં મોકલવાની માગ કરી હતી.

### અણુ ક્ષેત્રને...

વિપક્ષના વોકઆઉટ વચ્ચે સસ્ટેનેબલ હાર્નેસિંગ એન્ડ એડવાન્સમેન્ટ ઓફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (શાંતિ) બિલને ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યું હતું.
વિપક્ષે દલીલ કરી હતી કે સરકાર પરમાણુ અકસ્માતના કિસ્સામાં પરમાણુ ઉપકરણોના સપ્લાયર્સને જવાબદારીમાંથી છટકી જવાની મંજૂરી આપીને નાગરિકોને જોખમમાં મૂકી રહી છે. 'સરકાર ફક્ત ઓપરેટર સાથે વ્યવહાર કરશે, સપ્લાયર સાથે વ્યવહાર કરવાનું કામ ઓપરેટરનું છે', એમ પીએમઓમાં રાજ્યમંત્રી, જે પરમાણુ ઉર્જા વિભાગનું સંચાલન કરે છે, તેમણે લોકસભામાં જણાવ્યું હતું.

### અમદાવાદની 12...

આવ્યો છે તેવો ઈમેલ મળતા જ શાળાના બાળકોને રજા આપી સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં વાલી અને વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ ઊભો થયો હતો. સુરક્ષા એજન્સીઓની તપાસ બાદ કોઈ પણ વાંધાજનક વસ્તુ મળી ન હતી.

અમદાવાદ શહેરમાં ગુરુકુળ વિસ્તારમાં આવેલી મહારાજા અગ્રસેન, વસ્ત્રાપુરની નિર્માણ સ્કૂલ, વેજલપુરની ઝાયડસ સ્કૂલ, અડાલજની ડિવાઈન ઈન ચાઈલ્ડ સ્કૂલ, ઉપરાંત અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઉદગમ સ્કૂલ, ડીપીએસ, ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલ, આવિષ્કાર સ્કુલ કલોલ, જેમ્સ એન્ડ જેનીસીસ ખોરજ-ખોડિયારની શાળાઓમાં શંકાસ્પદ ઈમેલ મળ્યો હતો, જેમાં આ શાળાઓમાં બોમ્બ વિસ્ફોટ કરવાની ધમકી આપવામાં આવી હતી. આ ઈમેલ અંગે શાળા સંચાલકોએ પોલીસને જાણ કરતા પોલીસ સહિત સુરક્ષા એન્જસીની ટીમ તાત્કાલિક શાળાઓ ઉપર પહોંચી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ, ફાયર બ્રિગેડ સહિત નહીં તમામ એજન્સીઓએ શાળામાંથી વિદ્યાર્થીઓને બહાર કાઢીને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. આ ઉપરાંત શાળાની 50 મીટર આસપાસનો વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. જેના પગલે આસપાસના વિસ્તારોમાં લોકોમાં કુતુહલ સાથે ભયની લાગણી ફેલાઈ હતી.

### ઝારખંડમાં જંગલી...

હાથીઓના ટોળાની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છે', એમ રામગઢના વિભાગીય વન અધિકારી નીતિશ કુમારે જણાવ્યું હતું. મંગળવારે બપોરે રામગઢમાં અમિત કુમાર રાજવર આઠ જંગલી હાથીઓના ટોળા પાસે વીડિયો બનાવવા અને સેલ્ફી લેવા ગયો ત્યારે હાથીઓએ તેને કચડી નાખવાથી તેનું મોત નીપજ્યું હતું. તે સેન્ટ્રલ કોલફિલ્ડ્સ લિમિટેડમાં સુરક્ષા ગાર્ડ હતો, એમ કુમારે જણાવ્યું. રામગઢ અને બોકારો જિલ્લાના સીમા વિસ્તારોમાં જંગલોમાં 42 જેટલા હાથીઓ અલગ અલગ ટોળાંમાં ફરી રહ્યા હતા.

### ભારતીય કોર્પોરેટ...

સંસ્થાઓ ખર્ચ દબાણ અને પ્રતિભા જાળવણીને સંતુલિત કરીને પગાર વધારાની યોજના બનાવવાનું ચાલુ રાખશે. આ સાથે, કૌશલ્ય-આધારિત સંગઠન સ્થાપત્ય, પ્રતિભા મૂલ્યાંકન પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે જેથી કાર્યબળ ક્ષમતાઓને વિકસિત વ્યવસાયિક જરૂરિયાતો સાથે વધુ સારી રીતે સંરેખિત કરી શકાય અને ઇચ્છિત પરિણામો મેળવવા માટે પગાર કાર્યક્રમો બનાવી શકાય', એમ મર્સરના રિવોર્ડ્સ કન્સલ્ટિંગ લીડર ઈન્ડિયા, માલથી કે એસએ જણાવ્યું હતું. બોનસ જેવા ટૂંકા ગાળાના પ્રોત્સાહનોએ નજીકના ગાળાના પ્રદર્શન સંરેખણ, ખર્ચ કાર્યક્ષમતા અને પારદર્શક, કૌશલ્ય-આધારિત પગાર માળખાના વિકાસ પર વધુ ભાર મૂક્યો છે જેથી એઆઈ અને ઉત્પાદકતા પ્રાથમિકતાઓનો સામનો કરીને વિકસતી કાર્યબળની જરૂરિયાતોને ટેકો મળી શકે.

### RBIના હસ્તક્ષેપ...

તે લગભગ 90.25ની આસપાસ મજબૂત થયો. ડીલરોએ જણાવ્યું હતું કે સરકારી માલિકીની બેંકોએ સંભવતઃ આરબીઆઇ વતી ડોલર વેચ્યા હતા, જ્યારે ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થયા બાદ વેપારીઓએ પણ લાંબા ડોલરની સ્થિતિ બંધ કરી હતી. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે યુએસ ડોલર સામે રૂપિયાનો તાજેતરનો ઘટાડો મુખ્યત્વે સ્થાનિક આર્થિક નબળાઈને કારણે નહીં, પરંતુ બાહ્ય પરિબળોને કારણે હતો, અને બદલાતા આર્થિક અને ભૂ-રાજકીય સંકેતો વચ્ચે ફોરેક્સ બજારમાં ઊંચી અસ્થિરતા ચાલુ રહેવાની ધારણા છે. ડીલરોએ જણાવ્યું હતું કે, આરબીઆઇ ડોલર વેચી રહી હતી, પરંતુ રિકવરી માત્ર અમુક અંશે હસ્તક્ષેપને કારણે થઈ છે. બજાર પણ 91 પ્રતિ ડોલરના સ્તરથી દૂર જઈ રહ્યું હતું અને વેપારીઓ લાંબા ડોલરની સ્થિતિમાં કાપ મૂકી રહ્યા હતા. છેલ્લા ચાર સત્રોમાં રૂપિયો સર્વકાલીન નીચલા સ્તરે આવી ગયો હતો, જે સતત વિદેશી પોર્ટફોલિયોના આઉટફ્લો અને ભારત-યુએસ વેપાર વાટાઘાટો અંગેની અનિશ્ચિતતાને કારણે દબાણ હતું.

### દિલ્હી ડાયરી...

વાતચીત કરી. આ વાતચીત દરમિયાન મંત્રીને ખબર પડી કે ઘણી રેલવે સંપત્તિઓને ઘણી જાળવણી અને ખર્ચની જરૂર પડે છે. વૈષ્ણવે કર્મચારીઓને કહ્યું, ''એવી સંપત્તિ બનાવો જેને ઓછી જાળવણીની જરૂર હોય.'' આ વાત તેમણે જાપાન અને સ્વિટ્ઝર્લેન્ડ જેવી સસ્તી રેલવે સિસ્ટમના ઉદાહરણો શેર કરતી વખતે કહી. તેમણે ટ્રેક સ્ટેબિલાઇજેશન માટે ટેમ્પિંગ મશીનો અને બેલાસ્ટ ક્લિનિંગ મશીનો જેવા આધુનિક સાધનો લાવવાનું પણ સૂચન કર્યું. ચાલતી નિરીક્ષણ કારમાં દોઢ કલાક સુધી ચાલેલી આ ચર્ચામાં ઘણા કામદારોએ તેમના ક્ષેત્રના પડકારો શેર કર્યા.